278008

**GUJARATI**

1352809

Test Booklet Code
પરીક્ષા પુસ્તિકાનો કોડ

**APR-6-25**

# D

This Booklet contains 32 pages. આ પુસ્તિકામાં 32 પાનાં છે.

**Do not open this Test Booklet until you are asked to do so.**
**જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી આ પુસ્તિકા ખોલવી નહીં.**

**Read carefully the Instructions on the Back Cover of this Test Booklet.**
**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના કવર પર આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચો.**

Name of the Candidate (in Capitals) :
પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

Roll Number : in figures
અનુક્રમ સંખ્યા : અંકોમાં ____________________

: in words
: શબ્દોમાં ____________________

Centre of Examination (in Capitals) :
પરીક્ષા કેન્દ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

Candidate's Signature :
પરીક્ષાર્થીની સહી : ____________________

Invigilator's Signature :
નિરિક્ષકની સહી : ____________________

Facsimile signature stamp of
Centre Superintendent : ____________________

**In case of any ambiguity in translation of any question, English version shall be treated as final.**
**પ્રશ્નોનાં અનુવાદમાં કોઈ અસ્પષ્ટતાની સ્થિતિમાં, અંગ્રેજી સંસ્કરણને જ અંતિમ માનવામાં આવશે.**

## INSTRUCTIONS / સૂચનાઓ

1. This question paper booklet contains FOUR sections. **Section "A" Language** contains 25 questions of 2 marks each. **Section "B" Mathematics** contains **50** questions of 3 marks each. **Section "C" Intelligence** and **Section "D" General Knowledge** contain **25** questions each of **2** marks each. In all, the paper consists of **125** questions for a total of **300** marks. Answer all questions.
   આ પ્રશ્નપત્ર પુસ્તિકામાં ચાર વિભાગ છે. **વિભાગ "A"**માં ભાષાના **25** પ્રશ્નો છે, દરેકના **2** ગુણ છે. **વિભાગ "B"**માં ગણિતના **50** પ્રશ્નો છે, દરેકના **3** ગુણ છે. **વિભાગ "C" બૌદ્ધિક સમજ** અને **વિભાગ "D" સામાન્ય જ્ઞાન** પ્રત્યેકના **25** પ્રશ્નો છે, જે દરેક પ્રશ્નના **2** ગુણ છે. બધું મળીને આ પ્રશ્નપત્રમાં કુલ **300** ગુણ માટે **125** પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
2. Duration of the test is 2 hours and 30 minutes. (150 minutes)
   પરીક્ષાનો સમયગાળો 2 કલાક અને 30 મિનિટ છે. (150 મિનિટ)
3. Candidates are required to choose any of the following 13 languages : Assamese, Bengali, English, Gujarati, Hindi, Kannada, Malayalam, Marathi, Odiya, Punjabi, Tamil, Telugu or Urdu, while applying.
   ઉમેદવારોએ નીચે આપેલ 13 ભાષાઓમાંથી અરજી વખતે જે ભાષા પસંદ કરી હશે, તે એક ભાષા પસંદ કરવાની છે : આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઓડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂ.
4. Question paper booklet for those who opted for English or Hindi will be bilingual (i.e. in English and in Hindi), except the language part.
   જેમણે વિકલ્પના રૂપમાં અંગ્રેજી અથવા હિન્દી પસંદ કરેલ છે તેના માટે પ્રશ્નપત્ર પુસ્તિકા ભાષા વિભાગ સિવાય દ્વિભાષામાં હશે (એટલે કે અંગ્રેજી અને હિન્દીમાં).
5. Question paper booklet for those who opted for any of the specified languages, will be bi-lingual, in the language opted by the candidate and in English.
   જેમણે નિર્દિષ્ટ પ્રાદેશિક ભાષાઓમાંથી કોઈ એક પસંદ કરેલ હશે, તેમના માટે અરજીપત્રકમાં દર્શાવેલ ભાષા અને અંગ્રેજીમાં, દ્વિભાષી પ્રશ્નપત્ર પુસ્તિકા હશે.
6. Questions in **Section "A"** are specific to each language. They vary from language to language. They are to be attempted in the language opted by you in your application form and indicated on your Admit Card. They will be evaluated with reference to the answer keys of the specific language opted by you.
   વિભાગ "A"માં દરેક ભાષાના પ્રશ્નો વિશિષ્ટ છે. તે અલગ-અલગ ભાષામાં અલગ-અલગ છે. તમારે તમારા અરજીપત્રકમાં અને પ્રવેશપત્રમાં દર્શાવેલ ભાષામાં ઉત્તર આપવાના છે. તમારા દ્વારા પસંદ થયેલ વિશિષ્ટ ભાષાની આન્સર-કીના સંદર્ભમાં મૂલ્યાંકન થશે.



Instructions Continued On Page No. 32

SE

1352809

**સૂચના :** દરેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. દરેક પ્રશ્નનો ફક્ત એક જ સાચો જવાબ છે. **સૌથી યોગ્ય વિકલ્પ** પસંદ કરીને OMR ઉત્તર પુસ્તિકામાં સંબંધિત વર્તુળને ઘાટું(ડાર્ક) કરો.

## વિભાગ - 'A' : ભાષા

001 'નિધન' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.

(1) જન્મ

(2) સ્ત્રીધન

(3) નિર્ધન

(4) સ્વધન

002 શબ્દસમૂહ માટે એક શબ્દ આપો:

આદિથી અંત સુધી

(1) સાદ્યંત

(2) અનાદિ

(3) અનંત

(4) પર્યન્ત

003 'તમે તો ભારે કરી' - વાક્યમાં નિપાત શોધો.

(1) કરી (2) તમે

(3) ભારે (4) તો

004 'કદાવર' શબ્દનો પર્યાય શોધો.

(1) મજબૂત

(2) દિલાવર

(3) અણવર

(4) બીજવર

005 'અમે ભજિયાં ખાધા' વાક્યનો કાળ ઓળખાવો.

(1) ભવિષ્યકાળ

(2) વર્તમાનકાળ

(3) સદાકાળ

(4) ભૂતકાળ

006 'દર્દ અને ઉપેક્ષા જાણે ગળથૂથીમાં મળેલા' - વાક્યમાં અલંકાર ઓળખાવો.

(1) ઉત્પ્રેક્ષા

(2) અનન્વય

(3) ઉપમા

(4) દૃષ્ટાંત

007 'પરદેશ' શબ્દનો સમાસ શોધો.

(1) તત્પુરુષ (2) દ્વિગુ

(3) કર્મધારય (4) બહુવ્રીહિ

008 'સોનાવરણી સીમ સોહામણી લાગતી હતી' - વાક્યમાંનું ગુણવાચક વિશેષણ તારવો.

(1) લાગતી (2) હતી

(3) સીમ (4) સોહામણી

009 'પારકી આશ સદા નિરાશ' કહેવતનો અર્થ શોધો.

(1) આશા ત્યજવી

(2) બીજા પર આશા રાખનારને નિરાશા મળે છે

(3) નિરાશ ન થવું

(4) નિરાશ ન કરવા

010 'ગજું ન હોવું' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(1) શક્તિ બહારની વાત હોવી

(2) ગજવું ન હોવું

(3) ગામ ગજવવું

(4) ગજવેલ

1352809

011 'નસેનસ' એ કેવો પ્રયોગ છે?

(1) દ્વિરુક્ત

(2) રૂઢિપ્રયોગ

(3) વિપ્રયોગ

(4) રવાનુકારી

012 'અસીમ કૃપા કરી પ્રભુ તેં મુજ પર' વાક્યમાં વિશેષણ શોધો.

(1) તેં

(2) કૃપા

(3) અસીમ

(4) પ્રભ

013 'ઈંધણ' શબ્દનો અર્થ શોધો.

(1) મૂંઝવણ

(2) બળતણનું લાકડું

(3) ઊંજણ

(4) પીંજણ

014 નીચેના શબ્દોમાંથી તળપદો શબ્દ શોધો.

(1) ટિકિટ

(2) આથમણું

(3) નિશાચર

(4) પ્રત્યક્ષ

015 'બહુ ટકટક સારી નહીં' વાક્યમાં કેવો પ્રયોગ છે?

(1) કર્મણિ

(2) રૂઢિપ્રયોગ

(3) નકારાત્મક

(4) રવાનુકારી

016 'અખાએ ઢોંગી લોકો પર કટાક્ષ કર્યો છે' વાક્યમાં કેવો પ્રયોગ છે?

(1) ભાવે

(2) કર્તરિ

(3) રૂપક

(4) કર્મણિ

017 'તું તારા ઘર ભેગો થઈ જા' વાક્યમાં સર્વનામ શોધો.

(1) તું

(2) તારા

(3) ઘર

(4) થઈ

018 'મિત્ર, તું જલ્દી આવ.' વાક્યમાં લઈ વિભક્તિ છે?

(1) તત્પુરુષ

(2) સંબોધન

(3) અધિકરણ

(4) કરણ

019 સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(1) શિક્ષણ

(2) સંસ્કૃતી

(3) વ્યક્તી

(4) અભીગમ

020 'શિરચ્છેદ' શબ્દની સંધિ છોડો.

(1) શિરા+ચ્છેદ

(2) શિર:ચછેદ

(3) શિર+છેદ

(4) શિરસ+છેદ

13528099

*નીચેનો ફકરો વાંચીને એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો :*

પ્રદૂષણ-નિવારણ અને પર્યાવરણની જાળવણી માટે વિશ્વભરમાં 5 જૂનના દિવસને 'પર્યાવરણ દિન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ભારતમાં આ દિવસને પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. ઈ.સ. 1981માં ભારત સરકારે 'વાયુ પ્રદૂષણ નિયંત્રણ ધારો' પસાર કર્યો છે. વાતાવરણમાં ઓઝોન વાયુના સ્તરનું ગાબડું, પરમાણુ કચરાનો નિકાલ અને જૈવિક વિવિધતાની જાળવણી માટે થયેલી વૈશ્વિક સમજૂતીઓનું પાલન કરવામાં આવે છે. દેશના લોકોમાં પર્યાવરણની જાળવણી માટે જાગૃતિ વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

પર્યાવરણ એ કુદરત દ્વારા આપણને આપેલી અમૂલ્ય ભેટ છે. તેમાં આપણે શ્વાસ લઈએ છીએ તે હવા, આપણે પીએ છીએ તે પાણી, આપણે જે જમીનમાં રહીએ છીએ, અને આપણી સાથે સહઅસ્તિત્વ ધરાવતા વિવિધ વનસ્પતિ અને પ્રાણીઓની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. આપણું પર્યાવરણ માત્ર આપણા અસ્તિત્વ માટે જ નિર્ણાયક નથી પરંતુ આપણા જીવનની ગુણવત્તાને આકાર આપવામાં પણ મૂળભૂત ભૂમિકા ભજવે છે. તેથી, આપણે આપણા પર્યાવરણના મહત્ત્વને સમજીએ અને તેની કદર કરીએ અને તેની સુરક્ષા અને જાળવણી માટે જરૂરી પગલાં લઈએ તે આવશ્યક છે.

પર્યાવરણ આપણને આપણા જીવનનિર્વાહ માટે જરૂરી સંસાધનો પૂરા પાડે છે. આપણે જે હવા શ્વાસમાં લઈએ છીએ, ઑક્સિજનથી ભરપૂર છે, તે આપણા શ્વસનતંત્ર અને એકંદર સુખાકારી માટે મહત્ત્વપૂર્ણ છે. સ્વચ્છ અને તાજું પાણી આપણા અસ્તિત્વ માટે નિર્ણાયક છે. પર્યાવરણ આપણને ખેતી માટે ફળદ્રુપ જમીન પ્રદાન કરે છે, જે વધતી જતી વસ્તીને ખોરાક આપવા માટે ખોરાકના ઉત્પાદનને સક્ષમ બનાવે છે.

021 પર્યાવરણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે?

(1) 26 જાન્યુઆરી

(2) 1 મે

(3) 5 જૂન

(4) 15 ઑગસ્ટ

022 1981માં ભારત સરકારે શું કર્યું?

(1) પાણી સંશુદ્ધિ કાયદો

(2) વાયુ પ્રદૂષણ નિયંત્રણ ધારો પસાર કર્યો.

(3) જંતુનાશક દવાઓનું વિતરણ

(4) જંગલ સુરક્ષા કાનૂન

023 પર્યાવરણ કોણે આપેલી ભેટ છે?

(1) સમજૂતીએ

(2) સરકારે

(3) સમિતિએ

(4) કુદરતે

024 આપણા અસ્તિત્વ માટે શું નિર્ણાયક છે?

(1) સંસાધન

(2) ખોરાક

(3) પર્યાવરણ

(4) સ્વચ્છ અને તાજું પાણી

025 પર્યાવરણ આપણને શું પ્રદાન કરે છે?

(1) ખોરાક

(2) હવા

(3) કારકિર્દી

(4) ફળદ્રુપ જમીન

સૂચના : દરેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. દરેક પ્રશ્નનો ફક્ત એક જ સાચો જવાબ છે. **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરીને OMR ઉત્તર પુસ્તિકામાં સંબંધિત વર્તુળને કાળું (ડાર્ક) કરો.

## વિભાગ - 'B' : ગણિત

026 ચોરસ અને લંબચોરસનું ક્ષેત્રફળ એકસરખું છે. જો ચોરસની બાજુનું માપ 30 cm અને લંબચોરસની પહોળાઈનું માપ 25 cm હોય, તો લંબચોરસની લંબાઈનું માપ શોધો.

(1) 42 cm (2) 38 cm
(3) 40 cm (4) 36 cm

027 એક દુકાનદાર બે મોબાઈલ ફોન અનુક્રમે ₹ 15,600 અને ₹ 14,400માં ખરીદીને તેને ₹ 31,200માં વેચી દે છે તો આ વ્યવહારમાં નફા/નુકસાનની ટકાવારી શોધો.

(1) 8% ખોટ / નુકસાન
(2) 6% નફો
(3) 4% નફો
(4) 4% ખોટ / નુકસાન

028 ઈલેક્ટ્રિક બલ્બનું ઉત્પાદન કરતી એક ફેક્ટરીમાં દર 15 બલ્બમાંથી 2 બલ્બ ખામીયુક્ત હોય છે. જો આ ફેક્ટરીમાં દૈનિક 630 બલ્બનું ઉત્પાદન થતું હોય તો ખામીયુક્ત બલ્બની સંખ્યા શોધો.

(1) 45 (2) 90
(3) 42 (4) 84

029 આપવામાં આવેલી આકૃતિમાં $(x + y)$નું મૂલ્ય શોધો.




(1) 117° (2) 163°
(3) 105° (4) 138°

*Instructions : Each question has four options. There is only one correct option in each question. Choose the correct/most appropriate option and darken the corresponding circle with blue/black on the OMR Answer Sheet.*

## SECTION – 'B' : MATHEMATICS

026 The areas of a square and a rectangle are equal. If the side of the square is 30 cm and the breadth of the rectangle is 25 cm, then the length of the rectangle is :

(1) 42 cm (2) 38 cm
(3) 40 cm (4) 36 cm

027 A shopkeeper bought two mobile phones for ₹ 15,600 and ₹ 14,400 respectively and sold them for a total of ₹ 31,200. His loss or gain percentage is :

(1) loss of 8%
(2) gain of 6%
(3) gain of 4%
(4) loss of 4%

028 A factory produces electric bulbs and 2 out of every 15 bulbs are defective. If the factory produces 630 bulbs per day, then the number of defective bulbs produced per day is :

(1) 45 (2) 90
(3) 42 (4) 84

029 The value of $(x + y)$ in the following figure is :




(1) 117° (2) 163°
(3) 105° (4) 138°

030 નીચે આપેલાં વિધાનોનો અભ્યાસ કરી સાચા વિકલ્પને પસંદ કરોઃ

**વિધાન-I** : એક ચોરસના વિકર્ણોની લંબાઈ એકસમાન હોય છે અને તે એકબીજાને લંબ છે.

**વિધાન-II** : એક સમાંતર ચતુર્ભુજના વિકર્ણોની લંબાઈ એકસમાન છે અને તે એકબીજાને લંબ છે.

(1) બંને વિધાનો ખોટાં છે.
(2) માત્ર વિધાન-I જ સાચું છે.
(3) માત્ર વિધાન-II જ સાચું છે.
(4) બંને વિધાનો સાચાં છે.

031 જો $a = 5$ હોય, અને $b = 15$ હોય, તો નીચેના સમીકરણનું મૂલ્ય શોધો.

$$\left(\frac{a}{b}+1\right)\frac{b}{a}+(b-a)$$

(1) 14 (2) 24
(3) 12 (4) 18

032 એક સ્ત્રી 5 કિલો 640 ગ્રામ બટેટા, 3 કિલો 37 ગ્રામ ડુંગળી અને 6 કિલો 8 ગ્રામ ટમેટા ખરીદે છે. જેમાંથી 2 કિલો 45 ગ્રામ ટમેટા સડેલા હતા જે તેણીએ શાકભાજી વેચનારને પરત કર્યા. તો તે કેટલા કિલો શાકભાજી ઘરે લઈ ગઈ હશે?

(1) 12.640 કિલોગ્રામ
(2) 13.460 કિલોગ્રામ
(3) 12.973 કિલોગ્રામ
(4) 13.360 કિલોગ્રામ

033 35 પરબીડિયાની પડતર કિંમત ₹ 87.50 છે. તો ₹ 730માં આવા કેટલાં પરબીડિયા ખરીદી શકાશે?

(1) 292 (2) 126
(3) 252 (4) 312

030 Read the given statements and choose the correct option :

Statement-I : The diagonals of a square are equal in length and are perpendicular to each other.

Statement-II : The diagonals of a rhombus are equal in length and are perpendicular to each other.

(1) Both the statements are false
(2) Only statement-I is true
(3) Only statement-II is true
(4) Both the statements are true

031 If $a=5$ and $b = 15$, then the value of $\left(\frac{a}{b}+1\right)\frac{b}{a}+(b-a)$ is :

(1) 14 (2) 24
(3) 12 (4) 18

032 A woman bought 5 kg 640 gm potatoes, 3 kg 37 gm onions and 6 kg 8 gm tomatoes. She found 2 kg 45 gm tomatoes rotten and returned these to the vegetable vendor. The weight of the vegetables she took home is :

(1) 12.640 kg
(2) 13.460 kg
(3) 12.973 kg
(4) 13.360 kg

033 35 envelopes cost ₹ 87.50. How many such envelopes can we buy for ₹ 730 ?

(1) 292 (2) 126
(3) 252 (4) 312

1352809

034 179.08 અને 20.17ના સરવાળામાં કેટલા ઉમેરવાથી 512 મેળવી શકાય?

(1) 321.75 (2) 711.25

(3) 313.25 (4) 312.75

035 એક સંખ્યાના 48% એ સંખ્યા 120 છે, તો 170% એ નીચેનામાંથી એ કઈ સંખ્યા હશે?

(1) 475 (2) 400

(3) 425 (4) 385

036 700 m × 500 m ના એક ભૂખંડ ફરતે ચાર સ્તરની તારની વાડ કરવા માટે કેટલી લંબાઈના તારની જરૂર પડશે?

(1) 8600 m (2) 7200 m

(3) 4800 m (4) 9600 m

037 જો 15, 12, 17, $(x + 5)$, $(x-1)$ અને 22ની સરેરાશ 15 હોય તો $x$ નું મૂલ્ય શું હશે?

(1) 10 (2) 20

(3) 12 (4) 8

038 એક વર્તુળના ત્રણ વ્યાસ દ્વારા એકસરખા ક્ષેત્રફળના છ વિભાગો બને છે. તો દરેક વિભાગમાં બે સંલગ્ન ત્રિજ્યા દ્વારા રચાતા ખૂણાનું માપ શું હશે?

(1) 30° (2) 90°

(3) 45° (4) 60°

034 What should be added to the sum of 179.08 and 20.17 to get 512 ?

(1) 321.75 (2) 711.25

(3) 313.25 (4) 312.75

035 If 48% of a number is 120, then what is 170% of the number?

(1) 475 (2) 400

(3) 425 (4) 385

036 A rectangular piece of land measures 700 m by 500 m. It is to be fenced with 4 rounds of wire. The length of the wire needed is :

(1) 8600 m (2) 7200 m

(3) 4800 m (4) 9600 m

037 The average of 15, 12, 17, (x+5), (x-1) and 22 is 15. The value of x is :

(1) 10 (2) 20

(3) 12 (4) 8

038 Six sectors of equal area are formed by the three diameters in a circle. The measure of an angle formed by two adjacent radii in each sector is :

(1) 30° (2) 90°

(3) 45° (4) 60°

1352809

039 નીચે આપવામાં આવેલા અપૂર્ણાંકોને ચઢતા ક્રમમાં ગોઠવો:

$\frac{2}{3}, \frac{1}{6}, \frac{5}{9}$ અને $\frac{7}{12}$

(1) $\frac{1}{6}, \frac{5}{9}, \frac{7}{12}, \frac{2}{3}$

(2) $\frac{5}{9}, \frac{1}{6}, \frac{7}{12}, \frac{2}{3}$

(3) $\frac{5}{9}, \frac{2}{3}, \frac{1}{6}, \frac{7}{12}$

(4) $\frac{1}{6}, \frac{5}{9}, \frac{2}{3}, \frac{7}{12}$

040 એક ઓરડાની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ અનુક્રમે 1050 cm, 750 cm અને 425 cm છે. ઓરડાના ત્રણેય પરિમાણોનું ચોકસાઈપૂર્ણ માપ આપી શકતી મેઝરટેપની લંબાઈ કેટલી હશે?

(1) 50 cm (2) 125 cm
(3) 150 cm (4) 25 cm

041 નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે તે શોધો?

(A) જો કોઈ સંખ્યા 4 વડે વિભાજ્ય હોય તો તે સંખ્યા 8 વડે વિભાજ્ય હોય જ.
(B) જો કોઈ એક સંખ્યા 3 અને 5 વડે વિભાજ્ય હોય તો તે 15 વડે પણ વિભાજ્ય હોય.
(C) કોઈ એક સંખ્યા 2 અને 8 વડે વિભાજ્ય હોય તો તે 16 વડે પણ વિભાજ્ય હોય.
(D) અનુક્રમે બે એકી સંખ્યાનો સરવાળો હંમેશા 4 વડે વિભાજ્ય જ હોય.

(1) માત્ર (B), (C) અને (D)
(2) માત્ર (A), (B) અને (D)
(3) માત્ર (B) અને (C)
(4) માત્ર (B) અને (D)

039 Arrange the following fractions in ascending order :

$\frac{2}{3}, \frac{1}{6}, \frac{5}{9}$ *and* $\frac{7}{12}$

(1) $\frac{1}{6}, \frac{5}{9}, \frac{7}{12}, \frac{2}{3}$

(2) $\frac{5}{9}, \frac{1}{6}, \frac{7}{12}, \frac{2}{3}$

(3) $\frac{5}{9}, \frac{2}{3}, \frac{1}{6}, \frac{7}{12}$

(4) $\frac{1}{6}, \frac{5}{9}, \frac{2}{3}, \frac{7}{12}$

040 The length, breadth and height of a room are 1050 cm, 750 cm and 425 cm, respectively. The length of the longest tape which can measure the three dimensions of the room exactly is :

(1) 50 cm (2) 125 cm
(3) 150 cm (4) 25 cm

041 Which of the following statements are correct ?

(A) If a number is divisible by 4, it must be divisible by 8.
(B) If a number is divisible by 3 and 5, then it is divisible by 15 also.
(C) A number which is divisible by 2 and 8 is divisible by 16 also.
(D) The sum of two consecutive odd numbers is always divisible by 4.

(1) Only (B), (C) and (D)
(2) Only (A), (B), and (D)
(3) Only (B) and (C)
(4) Only (B) and (D)

042 ''અ'' ₹ 3500, 3 વર્ષ માટે 4% ના દરે, ''બ'' ₹ 4,200, 2 વર્ષ માટે 5% ના દરે અને ''ક'' ₹ 2,800, 3 વર્ષ માટે 5% ના દરે વાર્ષિક સાદા વ્યાજના દરે ઉછીના લીધા. નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?

(1) માત્ર અ અને ક બંનેએ ₹ 420 વ્યાજના ચૂકવવા પડશે.

(2) માત્ર અ અને બ બંનેએ વ્યાજના ₹ 420 ચૂકવવાના થશે.

(3) અ, બ અને ક બધાએ વ્યાજના ₹ 420 ચૂકવવા પડશે.

(4) માત્ર બ અને ક બંનેએ ₹ 840 વ્યાજના ચૂકવવા પડશે.

043 4 સેમીની દરેક બાજુ ધરાવતા ત્રણ પાસાને જોડીને એક નક્કર ઘનાકૃતિ બનાવવામાં આવે છે. તો આ ઘનાકૃતિનું કદ શું હશે?

(1) 256 $cm^3$ (2) 192 $cm^3$

(3) 64 $cm^3$ (4) 128 $cm^3$

044 નીચે આપેલ પ્રશ્નમાં બે વિધાન પ્રતિજ્ઞા (A) અને પ્રમેય (R)માં આપેલા છે. તે ધ્યાનથી વાંચીને સાચા વિકલ્પની પસંદગી કરો.

પ્રતિજ્ઞા (A) : 41 એ પ્રાઈમ સંખ્યા છે.

પ્રમેય (R) : તેને માત્ર બે અવયવ સંખ્યા 1 અને સ્વયં 41 જ છે.

(1) (A) સાચું નથી, પરંતુ (R) સાચું છે.

(2) બંને (A) અને (R) સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી આપે છે.

(3) બંને (A) અને (R) સાચાં છે, પરંતુ R એ A ની સાચી સમજૂતી આપતું નથી.

(4) (A) એ સાચું છે, પરંતુ (R) સાચું નથી.

042 A borrowed ₹ 3500 for 3 years at the rate of 4% p.a., B borrowed ₹ 4200 for 2 years at the rate of 5% p.a. and C borrowed ₹ 2800 for 3 years at the rate of 5% p.a. on simple interest. Which of the following statements is true ?

(1) Only A and C have to pay ₹ 420 each as simple interest

(2) Only A and B have to pay ₹ 420 each as simple interest

(3) A, B and C all have to pay ₹ 420 each as simple interest

(4) Only B and C have to pay ₹ 840 each as simple interest

043 A solid cuboid is formed by joining three solid cubes of side 4 cm each. The volume of the cuboid so formed is :

(1) 256 $cm^3$ (2) 192 $cm^3$

(3) 64 $cm^3$ (4) 128 $cm^3$

044 In the given question two statements Assertion (A) and Reason (R) are given. Read them carefully and choose the correct option from the given options.

Assertion (A) : 41 is a prime number.

Reason (R) : It has only two factors-number 1 and the number itself.

(1) (A) is not correct but (R) is correct

(2) Both (A) and (R) are correct and (R) is the correct explanation of (A)

(3) Both (A) and (R) are correct but (R) is not the correct explanation of (A)

(4) (A) is correct but (R) is not correct

1352809

045 નીચે આપેલી આકૃતિની પરિમિતિ શું હશે?




(1) 36 cm
(2) 54 cm
(3) 45 cm
(4) 30 cm

046 નીચેનામાંથી કયાં વિધાનો <u>સાચાં નથી?</u>

(A) બે લઘુકોણ હંમેશાં પૂરકકોણ હોય છે.

(B) બે ગુરુકોણ હંમેશાં પૂરકકોણ હોય છે.

(C) બે સમાન કોણ, કાટખૂણાના અર્ધાથી બમણા એવા પૂરકકોણ છે.

(D) લઘુકોણ અને ગુરુકોણ હંમેશાં સંપૂરક હોય છે.

(1) માત્ર (A), (B) અને (D)
(2) માત્ર (A) અને (C)
(3) માત્ર (B), (C) અને (D)
(4) માત્ર (C) અને (D)

047 આપેલ સમીકરણમાં * નું મૂલ્ય શું હશે તે શોધો.

3958 − * 7 * = 3 * 8 *

(1) 3
(2) 6
(3) 5
(4) 4

045 The perimeter of the following figure is :




(1) 36 cm
(2) 54 cm
(3) 45 cm
(4) 30 cm

046 Which of the following statements are not true ?

(A) Two acute angles are always supplementary.
(B) Two obtuse angles are always supplementary.
(C) Two equal angles which are twice of the half of a right angle are supplementary.
(D) An acute and an obtuse angles are always complementary.

Choose the correct answer from the options given below :

(1) (A), (B) and (D) only
(2) (A) and (C) only
(3) (B), (C) and (D) only
(4) (C) and (D) only

047 The value of * in the following is :

3958 − * 7 * = 3 * 8 *

(1) 3
(2) 6
(3) 5
(4) 4

1352809

048 25, 40 અને 60 વડે ભાગતા પ્રત્યેક વખતે શેષ 9 બચે એવી લઘુતમ સંખ્યા શોધો.

(1) 509 (2) 619

(3) 609 (4) 591

049 આપેલ વિધાનોને વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

**વિધાન-I** : વર્તુળનું છેદક એ એવો રેખાખંડ છે જેનું અંતબિંદુ વર્તુળ પર જ હોય છે.

**વિધાન-II** : જીવા એ એવી રેખા છે જે વર્તુળના કેન્દ્રમાંથી પસાર થઈને બે બિંદુએ છેદે છે.

(1) બંને વિધાનો ખોટાં છે.

(2) માત્ર વિધાન I જ સાચું છે.

(3) માત્ર વિધાન II જ સાચું છે.

(4) બંને વિધાનો સાચાં છે.

050 જો કૉફી ₹ 24ની 100 gm હોય અને ચા ₹ 180ની કિલો હોય, તો ચાની સરખામણીએ કૉફીની કિંમતનો ગુણોત્તર શું હશે?

(1) 3 : 4 (2) 2 : 15

(3) 4 : 5 (4) 4 : 3

051 જો અનિલ $\frac{2}{3}$ કલાક માટે, રામ $\frac{3}{4}$ કલાક માટે, ચેતન $\frac{1}{5}$ કલાક માટે અને ધરમ $\frac{5}{6}$ કલાક માટે કસરત કરે તો મહત્તમ સમય માટે કસરત કોણે કરી ગણાય?

(1) રામ (2) ચેતન

(3) ધરમ (4) અનિલ

048 The least number which when divided by 25, 40 and 60 leaves 9 as the remainder in each case is :

(1) 509 (2) 619

(3) 609 (4) 591

049 Read the given statements and choose the correct option :

**Statement-I** : A secant of a circle is a line segment having its end points on the circle.

**Statement-II** : A chord is a line passing through the centre of a circle and intersecting the circle at two points.

(1) Both the statements are false

(2) Only statement-I is true

(3) Only statement-II is true

(4) Both the statements are true

050 The ratio of price of coffee to that of tea when coffee costs ₹ 24 per 100 gm and tea costs ₹ 180 per kg is :

(1) 3 : 4 (2) 2 : 15

(3) 4 : 5 (4) 4 : 3

051 Anil exercised for 2/3 hour, Ram exercised for 3/4 hour, Chetan exercised for 1/5 hour and Dharm exercised for 5/6 hour. Who exercised for maximum time ?

(1) Ram (2) Chetan

(3) Dharm (4) Anil

052 9 સે.મી. લંબાઈ અને 8 સે.મી. પહોળાઈવાળા એક નક્કર ઘનનું નિર્માણ 6 સે.મી. બાજુવાળા નક્કર ઘનને ઓગાળીને કરવામાં આવ્યું હોય, તો ઘનની ઊંચાઈ કેટલી હશે?

(1) 2 સે.મી. (2) 6 સે.મી.
(3) 3 સે.મી. (4) 4 સે.મી.

053 પાંચ આંકડાથી બનતી સંખ્યાઓ કુલ કેટલી છે?

(1) 89,900 (2) 89,000
(3) 89,9999 (4) 90,000

054 રોમન આંકડામાં લખવામાં આવેલી નીચેની સંખ્યા - LXXIX – XXXIX એ નીચેનામાંથી કયા વિકલ્પ સમાન છે?

(1) XL (2) XXIX
(3) CIX (4) XC

055 એક કાર 65 km પ્રતિકલાકની ગતિથી ચાલી રહી છે. તો આ જ ગતિથી તે 180 મિનિટમાં કેટલું અંતર કાપશે?

(1) 180 km (2) 117 km
(3) 195 km (4) 245 km

056 446 ને રોમન સંખ્યામાં દર્શાવવા માટે નીચેનામાંથી સાચો વિકલ્પ શોધો.

(1) CLXXVI (2) DCXLVI
(3) CDXLVI (4) CCXLVI

057 5 કલાકમાં સુનીતા કોઈ એક પુસ્તકનો $\frac{5}{7}$ ભાગ વાંચી શકે છે. તો 2 કલાકમાં તેણી આ પુસ્તકનો કેટલો ભાગ વાંચી શકે?

(1) $\frac{4}{7}$ (2) $\frac{1}{7}$
(3) $\frac{3}{7}$ (4) $\frac{2}{7}$

052 A solid metallic cuboid of length 9 cm and width 8 cm is formed by melting a solid metallic cube of side 6 cm. The height of the cuboid is :

(1) 2 cm (2) 6 cm
(3) 3 cm (4) 4 cm

053 Total how many 5 digit numbers are there ?

(1) 89,900 (2) 89,000
(3) 89,9999 (4) 90,000

054 A number written in Roman Numerals

LXXIX - XXXIX is equal to :

(1) XL (2) XXIX
(3) CIX (4) XC

055 A car runs with a speed of 65 km/hr. How far will it travel in 180 minutes with the same speed ?

(1) 180 km (2) 117 km
(3) 195 km (4) 245 km

056 Which of the following is the correct representation of 446 in Roman Numerals ?

(1) CLXXVI (2) DCXLVI
(3) CDXLVI (4) CCXLVI

057 Sunita reads $\frac{5}{7}$ part of a book in 5 hours. The part of the book she will read in 2 hours is :

(1) $\frac{4}{7}$ (2) $\frac{1}{7}$
(3) $\frac{3}{7}$ (4) $\frac{2}{7}$

058 નીચેના સમીકરણનું મૂલ્ય શોધો:

$32 + 16 \div 4 - 2 \times 3$

(1) 20 (2) 26
(3) 30 (4) 6

059 $\frac{2}{5}$ અને $\frac{7}{8}$ ના સરવાળાનું દશાંશરૂપ નીચેનામાંથી કયું છે?

(1) 2.175 (2) 1.275
(3) 1.875 (4) 0.875

060 એક શાળા માટે 50 ખુરશીઓ અને 30 બ્લેકબોર્ડ ખરીદવામાં આવ્યા. જો દરેક ખુરશીની પડતર કિંમત ₹ 1065 અને દરેક બ્લેકબોર્ડની પડતર કિંમત ₹ 1645 હોય, તો કુલ કેટલી રકમનું બિલ ચૂકવવાનું થશે?

(1) ₹ 1,20,600 (2) ₹ 1,02,500
(3) ₹ 92,600 (4) ₹ 1,02,600

061 આપેલા સમીકરણમાં પ્રશ્નાર્થનું મૂલ્ય શોધો:

$3 - \frac{4}{5} + (?) - \frac{7}{15} = 2\frac{2}{5}$

(1) $\frac{3}{4}$ (2) $\frac{1}{4}$
(3) $\frac{1}{3}$ (4) $\frac{2}{3}$

062 ત્રિકોણનો એક ખૂણો કાટકોણથી અડધો છે અને તેનો બીજો ખૂણો કાટકોણના $\frac{1}{3}$ થી 15° વધારે છે. તો ત્રિકોણની બાજુઓ અને ખૂણાના માપના આધારે ત્રિકોણના પ્રકારને ઓળખો.

(1) સમદ્વિબાજુવાળો ગુરુકોણ ત્રિકોણ
(2) અસમાન બાજુઓવાળો લઘુકોણ ત્રિકોણ
(3) અસમાન બાજુવાળો કાટકોણ ત્રિકોણ
(4) સમદ્વિબાજુવાળો કાટકોણ ત્રિકોણ

058 The value of $32 + 16 \div 4 - 2 \times 3$ is :

(1) 20 (2) 26
(3) 30 (4) 6

059 The decimal form of the sum of $\frac{2}{5}$ and $\frac{7}{8}$ is :

(1) 2.175 (2) 1.275
(3) 1.875 (4) 0.875

060 50 chairs and 30 blackboards were purchased for a school. If each chair costs ₹ 1065 and each blackboard costs ₹ 1645, then the total amount of the bill is :

(1) ₹ 1,20,600 (2) ₹ 1,02,500
(3) ₹ 92,600 (4) ₹ 1,02,600

061 The value of '?' in $3 - \frac{4}{5} + (?) - \frac{7}{15} = 2\frac{2}{5}$ is :

(1) $\frac{3}{4}$ (2) $\frac{1}{4}$
(3) $\frac{1}{3}$ (4) $\frac{2}{3}$

062 One angle of a triangle is half of a right angle and another angle is 15° more than $\frac{1}{3}$rd of a right angle. Name the triangle based on its sides and angles :

(1) Isosceles obtuse angled triangle
(2) Scalene acute angled triangle
(3) Scalene right angled triangle
(4) Isosceles right angled triangle



1352809

063 મારી માતાના કહેવા મુજબ તેના બાળપણ સમયે પેટ્રોલ ₹ 15 હતું. જે આજે ₹ 72 લિટર છે. પેટ્રોલની કિંમતમાં કેટલા ટકાનો વધારો થયો છે?

(1) 250%
(2) 400%
(3) 380%
(4) 360%

064 20%ના નુકસાને એક વસ્તુ ₹ 5840માં વેચવામાં આવી, તો આ વસ્તુની પડતર કિંમત શું હશે?

(1) ₹ 7300
(2) ₹ 4672
(3) ₹ 4582
(4) ₹ 7500

065 એ ખૂણાનું નામ જણાવો જેનું માપ પૂર્ણકોણ અને $\frac{1}{2}$ કાટકોણના પાંચગણાનો તફાવત હોય.

(1) પરાવર્તી કોણ
(2) લઘુકોણ
(3) ગુરુકોણ
(4) સ્ટ્રેટકોણ

066 15 m અને 8 cmની લંબાઈનો એક સળિયો 4 સરખા ભાગમાં વહેંચતા સળિયાના દરેક હિસ્સાની લંબાઈ કેટલી હશે?

(1) 3.65m
(2) 3.77m
(3) 3.95m
(4) 3.88m

067 $0.009 + 9.09 + 0.9009 - 0.09 = ?$

(1) 9.9009
(2) 9.9089
(3) 8.8909
(4) 9.9099

063 My mother says that in her childhood the price of petrol was ₹ 15 per litre. It is ₹ 72 per litre today. By what percentage the price of petrol has gone up ?

(1) 250%
(2) 400%
(3) 380%
(4) 360%

064 An item was sold at ₹ 5840 at a loss of 20%. The cost price of the item was:

(1) ₹ 7300
(2) ₹ 4672
(3) ₹ 4582
(4) ₹ 7500

065 Name the type of an angle whose the measure is the difference of complete angle and the angle which is 5 times of half of a right angle :

(1) Reflex angle
(2) Acute angle
(3) Obtuse angle
(4) Straight angle

066 A rod of length 15 metre 8 cm is divided into 4 equal parts. The length of each part of the rod is :

(1) 3.65m
(2) 3.77m
(3) 3.95m
(4) 3.88m

067 $0.009 + 9.09 + 0.9009 - 0.09 = ?$

(1) 9.9009
(2) 9.9089
(3) 9.8909
(4) 9.9099

068 120 k.m. પ્રતિકલાકની ઝડપે એક ટ્રેઈન 40 મિનિટમાં અમુક ચોક્કસ અંતર કાપે છે. જો આ ટ્રેઈનની ઝડપ વધારીને 150 k.m. પ્રતિકલાક કરવાથી ઉપર મુજબનું અંતર કાપવા ટ્રેઈનને કેટલો ઓછો સમય લાગશે?

(1) 8 મિનિટ
(2) 5 મિનિટ
(3) 10 મિનિટ
(4) 16 મિનિટ

069 જો એક પ્રવાહીને 50°F તાપમાને ગરમ કરવામાં આવે અને અન્ય એક પ્રવાહીનું તાપમાન 25°C સુધી વધારવામાં આવે છે. તો બંને પ્રવાહીના તાપમાનની ડિગ્રી (સેલ્સિયસ)નો તફાવત શું થશે?

(1) 8°C
(2) 12°C
(3) 15°C
(4) 10°C

070 એક સંપૂરક કોણનો પૂરકકોણ કાટખૂણાના એક પંચમાંશથી બમણો હોય તો તે કેટલો હશે તે નીચેના વિકલ્પોમાંથી શોધો.

(1) 132°
(2) 144°
(3) 126°
(4) 124°

071 અનિતા અમુક ચોક્કસ રકમ 4 વર્ષ માટે વાર્ષિક 5%ના સાદા વ્યાજ દરે રોકે છે અને ₹ 850 વ્યાજ મેળવે છે. સુનિતા પણ અમુક ચોક્કસ રકમ 6 વર્ષ માટે વાર્ષિક 4%ના સાદા વ્યાજ દરે રોકે છે અને ₹ 840 વ્યાજ મેળવે છે. તો બંનેએ રોકેલ રકમનો તફાવત શું હશે?

(1) ₹ 520
(2) ₹ 1690
(3) ₹ 1250
(4) ₹ 750

068 A train covered a certain distance with a speed of 120 km/hr in 40 minutes. If the speed of the train is increased to 150 km/hr, then how much less time it will take to cover the same distance ?

(1) 8 minutes
(2) 5 minutes
(3) 10 minutes
(4) 16 minutes

069 A liquid is heated to a temperature of 50° F (Fahrenheit) and the temperature of another liquid was raised to 25°C (Celcius). The difference in temperature of the two liquids in degree Celcius is :

(1) 8°C
(2) 12°C
(3) 15°C
(4) 10°C

070 The supplementary angle of the complementary angle of two times of one-fifth of a right angle is :

(1) 132°
(2) 144°
(3) 126°
(4) 124°

071 Anita invested a certain sum for 4 years at the rate of 5% p.a. and received ₹ 850 as simple interest. Sunita also invested certain sum for 6 years at the rate of 4% p.a. and received ₹ 840 as simple interest. The difference of the sums they invested is :

(1) ₹ 520
(2) ₹ 1690
(3) ₹ 1250
(4) ₹ 750

072 1 થી 60 વચ્ચેની તમામ અવિભાજ્ય સંખ્યા (પ્રાઈમ નંબર) જેના એકમ સ્થાનમાં 3 આવતા હોય તે બધી સંખ્યાનો સરવાળો શું હશે?

(1) 78 (2) 168

(3) 135 (4) 129

073 આપેલ વિધાનોને વાંચી સાચો વિકલ્પ પસંદ કરો.

**વિધાન-I :** રેખાને બે અંતબિંદુ હોય છે.

**વિધાન-II :** બે રેખાઓ એકબીજાને છેદતી હોય અથવા સમાંતર હોઈ શકે.

(1) બંને વિધાનો ખોટાં છે.

(2) માત્ર વિધાન I જ સાચું છે.

(3) માત્ર વિધાન II જ સાચું છે.

(4) બંને વિધાનો સાચાં છે.

074 સુનીતાએ $3\frac{3}{4}$ મી. કપડું ખરીદ્યું. જેમાંથી $\frac{5}{6}$ મી. કપડું કુર્તા માટે અને $\frac{2}{3}$ મી. કપડું તેની ઢીંગલીના પાયજામા માટે ઉપયોગમાં લીધું. તો તેની પાસે કેટલું કપડું બચેલું હશે?

(1) $2\frac{2}{3}$ મી. (2) $2\frac{3}{4}$ મી.

(3) $2\frac{1}{4}$ મી. (4) $2\frac{1}{6}$ મી.

075 એક પરીક્ષામાં 5 છોકરા અને 7 છોકરીઓના એક સમૂહમાં છોકરાના સરેરાશ માર્કસ 12 અને છોકરીઓના સરેરાશ માર્કસ 18 છે. તો આ સમૂહના સરેરાશ માર્કસ શોધો.

(1) 10 (2) 14.5

(3) 15 (4) 15.5

072 Sum of all the prime numbers between 1 and 60 having 3 as the unit digit is :

(1) 78 (2) 168

(3) 135 (4) 129

073 Read the given statements and choose the correct option :

**Statement-I :** A line has two end points.

**Statement-II :** Two lines either intersect or are parallel.

(1) Both the statements are false

(2) Only statement-I is true

(3) Only statement-II is true

(4) Both the statements are true

074 Sunita bought $3\frac{3}{4}$ m of cloth. She used $\frac{5}{6}$ m cloth for Kurta and $\frac{2}{3}$ m cloth for Pyjamas of her doll. The cloth left with her is :

(1) $2\frac{2}{3}$ m (2) $2\frac{3}{4}$ m

(3) $2\frac{1}{4}$ m (4) $2\frac{1}{6}$ m

075 In an examination, in a group of 5 boys and 7 girls, the average marks of the boys is 12 and the average marks of the girls is 18. The average marks of the group is :

(1) 10 (2) 14.5

(3) 15 (4) 15.5

1352809 1352809 1352809 1352809 1352809

**સૂચના :** દરેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. દરેક પ્રશ્નનો ફક્ત એક જ સાચો જવાબ છે. **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરીને OMR ઉત્તર પુસ્તિકામાં સંબંધિત વર્તુળને કાળું (ડાર્ક) કરો.

## વિભાગ - 'C' : બૌદ્ધિક સમજ

076 નીચેની અક્ષરશ્રેણીમાં ખૂટતો વર્ણ (?) શોધો.

E, J, O, __?__, Y

(1) V (2) S
(3) T (4) U

077 નીચેનામાંથી અસંગત હોય તે શોધી કાઢો.

(1) બીટ (2) ટામેટા
(3) ગાજર (4) આદુ

078 નીચેનામાંથી અસંગત હોય તેવો વિકલ્પ શોધો.

(1) 146 (2) 36
(3) 64 (4) 100

079 નીચે આપેલી 1, 2 અને 3 પેટર્નને ધ્યાનથી જુઓ. એના આધારે 9 નંબરની પેટર્નમાં કેટલા તારા હશે તે શોધી કાઢો.



પેટર્ન 1



પેટર્ન 2



પેટર્ન 3

(1) 48 (2) 32
(3) 24 (4) 36

*Instructions : Each question has four options. There is only one correct option in each question. Choose the correct/most appropriate option and darken the corresponding circle with blue/black on the OMR Answer Sheet.*

## SECTION – "C" : INTELLIGENCE

076 Find the missing letter (?) in the following letter series :

E, J, O, __?__, Y

(1) V (2) S
(3) T (4) U

077 Choose the odd one out among the following :

(1) Beetroot (2) Tomato
(3) Carrot (4) Ginger

078 Find the odd one out among the following :

(1) 146 (2) 36
(3) 64 (4) 100

079 Study the sequence of patterns in 1, 2 and 3 carefully. On the basis of these patterns, find the number of stars in pattern 9.



Pattern 1



Pattern 2



Pattern 3

(1) 48 (2) 32
(3) 24 (4) 36

080 :: ની ડાબી બાજુએ આપેલા બે વર્ણજૂથ વચ્ચે ચોક્કસ પ્રકારનો સંબંધ છે. ત્રીજા વર્ણજૂથ સાથે આવો સંબંધ ધરાવતો વિકલ્પ શોધો.

ABCD : KLMN :: GHIJ : ___?___

(1) OPQR (2) RSTU

(3) PQRS (4) QRST

081 :: ની ડાબી બાજુએ આપેલા આંકડા વચ્ચે એક ચોક્કસ સંબંધ છે. આપેલા વિકલ્પોમાંથી આવો જ સંબંધ ધરાવતી ખૂટતી સંખ્યા શોધો.

24 : 11 :: 64 : ___?___

(1) 33 (2) 21

(3) 31 (4) 32

082 જો 4 + 2 = 6

40 + 20 = 60

400 + ☺ = 600

☹ + ☹ + 2000 = 6000 તો

☹ + ☺ + 2 કેટલા થશે ?

(1) 2222 (2) 4202

(3) 4002 (4) 2202

080 There is certain relationship between the two terms given on the left side of (::). Choose the correct alternative for the missing term having the similar relationship with the third term.

ABCD : KLMN :: GHIJ : ___?___

(1) OPQR (2) RSTU

(3) PQRS (4) QRST

081 There is a certain relationship between two numbers given on the left side of (::). Choose the correct number from the given alternatives for the missing number using the same relationship.

24 : 11 :: 64 : ___?___

(1) 33 (2) 21

(3) 31 (4) 32

082 If 4 + 2 = 6

40 + 20 = 60

400 + ☺ = 600

☹ + ☹ + 2000 = 6000 then, the sum of ☹ + ☺ + 2 is ___?___

(1) 2222 (2) 4202

(3) 4002 (4) 2202

1352809

083 નીચેની અનુરૂપતા પૂર્ણ કરો.

BAT : 23 :: DOG : ___?___

(1) 27

(2) 25

(3) 28

(4) 26

084 નીચેની શ્રેણીમાં ખૂટતી (?) સંખ્યા શોધો.

5, 10, 20, 35, ___?___, 80

(1) 60

(2) 50

(3) 45

(4) 55

085 નીચેની આકૃતિમાં પ્રશ્નચિહ્નની જગ્યાએ આવી શકતી આકૃતિ શોધો.



(1) 

(2) 

(3) 

(4) 

083 Complete the following analogy :

BAT : 23 :: DOG : ___?___

(1) 27

(2) 25

(3) 28

(4) 26

084 Find the missing number (?) of the given series :

5, 10, 20, 35, ___?___, 80

(1) 60

(2) 50

(3) 45

(4) 55

085 From the given alternatives, choose the figure which will replace the question mark (?) to continue the series :



(1) 

(2) 

(3) 

(4) 

086 નીચેની આકૃતિઓમાં એક ચોક્કસ ભાત (પેટર્ન) મુજબની સંખ્યા આપેલી છે. આ ભાતનો અભ્યાસ કરીને પ્રશ્નચિહ્નની જગ્યાએ આવી શકતી સંખ્યા શોધો.




(1) 8
(2) 5
(3) 12
(4) 10

086 A set of figures carrying certain numbers is given below. The numbers in each figure follow a similar pattern. Find the missing number (as indicated by '?') :




(1) 8
(2) 5
(3) 12
(4) 10

087 નીચેના સજીવોને કદની દૃષ્ટિએ મોટાથી નાના એવા તાર્કિક ક્રમમાં ગોઠવો.

(A) બિલાડી
(B) મધમાખી
(C) હાથી
(D) વ્હેલ
(E) સિંહ

નીચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) (B), (A), (E), (D), (C)
(2) (D), (C), (E), (A), (B)
(3) (B), (A), (E), (C), (D)
(4) (D), (C), (E), (B), (A)

087 Arrange the following words in logical sequence from big to small :

(A) Cat
(B) Honey-bee
(C) Elephant
(D) Whale
(E) Lion

Choose the correct option from the following :

(1) (B), (A), (E), (D), (C)
(2) (D), (C), (E), (A), (B)
(3) (B), (A), (E), (C), (D)
(4) (D), (C), (E), (B), (A)

088 R, I, P, L, A અક્ષરોનો એક જ વાર ઉપયોગ કરીને એમાંથી એક અર્થપૂર્ણ શબ્દ બનાવો અને એ શબ્દ નીચેનામાંથી કયા વર્ગનો છે તે શોધો.

(1) Vegetable
(2) Month
(3) Flower
(4) Fruit

088 Arrange the letters R,I,P,L,A using each of them only once to form a meaningful word and then identify the category given in options given below to which the word belongs :

(1) Vegetable
(2) Month
(3) Flower
(4) Fruit

089 નીચેની AB રેખામાં દર્શાવેલી આકૃતિનું હૂબહૂ પ્રતિબિંબ ધરાવતી આકૃતિ આપેલ વિકલ્પોમાંથી શોધો.




(X) B

(1) 

(2) 

(3) 

(4) 

090 નીચેનામાંથી અસંગતને અલગ તારવો.

(1) B D G J
(2) R T V X
(3) M O Q S
(4) G I K M

091 જો વીતેલા પરમ દિવસે બુધવાર હતો, તો આગામી પરમ દિવસે કયો વાર હશે?

(1) રવિવાર (2) ગુરુવાર
(3) શનિવાર (4) સોમવાર

089 Choose the correct mirror image of the figure (X), when the mirror is placed on a line AB as shown below :




(X)

(1) 

(2) 

(3) 

(4) 

090 Choose the odd one out among the following :

(1) B D G J
(2) R T V X
(3) M O Q S
(4) G I K M

091 If day before yesterday was Wednesday, then day after tomorrow will be________.

(1) Sunday (2) Thursday
(3) Saturday (4) Monday


1352809 1352809 1352809 1352809

092 નીચેની આકૃતિમાં ખૂટતી સંખ્યા (?) શોધો.




(1) 111 (2) 110
(3) 120 (4) 121

093 નીચેની વર્ણશ્રેણીમાં કેટલાક શબ્દો ખૂટે છે જે ખાલી જગ્યા ('__') વડે દર્શાવ્યા છે. વિકલ્પોમાંથી યોગ્ય અક્ષરો શોધી કાઢો.

a _ aba_ _ ba _ ab

(1) b ab a (2) a bb a
(3) b ba b (4) a ab b

094 નીચેનામાંથી અસંગત હોય તેવો વિકલ્પ શોધો.

(1) 

(2) 

(3) 

(4) 

092 Find the missing number (?) in the following :




(1) 111 (2) 110
(3) 120 (4) 121

093 Some of the letters are missing (blanks indicated by '_') in the letter series given below. Choose the correct order of letters from the options given below to fill in the blanks to complete the letter series.

a _ aba_ _ ba _ ab

(1) b ab a (2) a bb a
(3) b ba b (4) a ab b

094 Find the odd one out among the following :

(1) 

(2) 

(3) 

(4) 

1352809

1352809

095 હાર અથવા સ્તંભ અંગે એકસમાન નિયમને અનુસરતા નીચે આપવામાં આવેલા શ્રેણિકમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે?

| | | |
|---|---|---|
| 3 | 8 | 7 |
| 15 | ? | 35 |
| 27 | 72 | 63 |

(1) 48

(2) 20

(3) 32

(4) 40

096 જો બૉલને ટોપી કહેવાય, ટોપીને પેન્સિલ કહેવાય, પેન્સિલને ઈરેઝર કહેવાય અને ઈરેઝરને બેગ કહેવાય તો અર્જુન તડકામાં શું પહેરશે?

(1) ઈરેઝર

(2) બૉલ

(3) પેન્સિલ

(4) બેગ

097 નીચે આપવામાં આવેલ શ્રેણીમાં ખૂટતા પદો (?, ?) શોધો.

Z, X, V, T, R, ?, ?

(1) P, N

(2) M, N

(3) N, M

(4) N, P

095 Which of the following number will replace the question mark (?) in the given figure matrix, if the same rule among the numbers is followed either row-wise or column-wise?

| | | |
|---|---|---|
| 3 | 8 | 7 |
| 15 | ? | 35 |
| 27 | 72 | 63 |

(1) 48

(2) 20

(3) 32

(4) 40

096 If 'Ball' is called 'Cap', 'Cap' is called 'Pencil', 'Pencil' is called 'Eraser' and 'Eraser' is called 'Bag', then what would Arjun wear in sunny and hot day?

(1) Eraser

(2) Ball

(3) Pencil

(4) Bag

097 Find the missing terms (?, ?) in the following series :

Z, X, V, T, R, ?, ?

(1) P, N

(2) M, N

(3) N, M

(4) N, P

1352809

098 નીચેની શ્રેણીમાં ખૂટતી (?) અક્ષરશ્રેણી વિકલ્પોમાંથી શોધો.

ADC, EHG, ILK, ___?___

(1) MPQ

(2) NQP

(3) MPO

(4) ORQ

099 શબ્દકોશના ક્રમ પ્રમાણે નીચેના શબ્દોને ક્રમ આપો.

(A) LIZARD

(B) LEARN

(C) LITTER

(D) LEAVE

(E) LESSON

(1) (B), (D), (E), (A), (C)

(2) (C), (A), (D), (E), (B)

(3) (B), (D), (E), (C), (A)

(4) (B), (D), (C), (E), (A)

100 ચાર ટપકાંની પહેલા આપેલા બે શબ્દો વચ્ચે એક ચોક્કસ સંબંધ છે. આ સંબંધને ધ્યાનમાં રાખીને ખૂટતો શબ્દ શોધો.

ચંદ્ર : સેટેલાઈટ :: પૃથ્વી : ___?___

(1) સૂર્ય

(2) તારો

(3) ગ્રહ

(4) સોલાર સિસ્ટમ

098 Find the missing term (?) in the following series :

ADC, EHG, ILK, ___?___

(1) MPQ

(2) NQP

(3) MPO

(4) ORQ

099 Arrange the following words as they occur in the dictionary :

(A) LIZARD

(B) LEARN

(C) LITTER

(D) LEAVE

(E) LESSON

Choose the correct option from the following :

(1) (B), (D), (E), (A), (C)

(2) (C), (A), (D), (E), (B)

(3) (B), (D), (E), (C), (A)

(4) (B), (D), (C), (E), (A)

100 There is a certain relationship between two given words on the left side of (::). Choose the correct alternative for the missing word using the same relationship :

Moon : Satellite :: Earth : ___?___

(1) Sun

(2) Star

(3) Planet

(4) Solar System

**સૂચના :** દરેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. દરેક પ્રશ્નનો ફક્ત એક જ સાચો જવાબ છે. **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરીને OMR ઉત્તર પુસ્તિકામાં સંબંધિત વર્તુળને કાળું(ડાર્ક) કરો.

## વિભાગ - 'D' : સામાન્ય જ્ઞાન

101 મીઠું બનાવવાની પ્રક્રિયા અંગેના નીચેનાં વિધાનો વાંચો :

I. પાણીને સૂર્યપ્રકાશ થકી સૂકવવામાં આવે છે.

II. ખેતરમાં ખોદાયેલા છીછરા ખાડામાં સમુદ્રજળ સંગ્રહિત કરવામાં આવે છે.

III. પાણી સુકાયા પછી જમીન પર મીઠાનાં સ્તર બને છે.

નમક નિર્માણની પ્રક્રિયા સૂચવતા વિધાનોનો યોગ્ય ક્રમ શોધો.

(1) II, I, III
(2) I, II, III
(3) II, III, I
(4) I, III, II

102 તરણકળા ન જાણનાર વ્યક્તિ પણ મૃત સમુદ્રમાં કેમ ડૂબતી નથી?

(1) કેમ કે એનું પાણી અતિ નમકયુક્ત છે.
(2) કેમ કે એમાં પાણી નથી
(3) કેમ કે એમાં હવા નથી
(4) કેમ કે એ રેતાળ છે

103 વનસ્પતિના કયા ભાગ દ્વારા જમીનમાંથી પાણી અને પોષકતત્ત્વનું અવશોષણ થાય છે?

(1) ફૂલ (2) પાંદડા
(3) થડ (4) મૂળ

104 નીચેનામાંથી કયુ તાલવાદ્ય ભારતીય સંગીતમાં વપરાય છે?

(1) હાર્મોનિયમ (2) તાનપૂરા
(3) સિતાર (4) તબલા

105 કયા પ્રખ્યાત ભારતીય કવિએ 'ગીતાંજલિ'ની રચના કરી?

(1) રવીન્દ્રનાથ ટાગોર
(2) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
(3) સુબ્રમનીય ભારતી
(4) સરોજિની નાયડુ

***Instructions :*** *Each question has four options. There is only one correct option in each question. Choose the correct/most appropriate option and darken the corresponding circle with blue/black on the OMR Answer Sheet.*

## SECTION – 'D' : GENERAL KNOWLEDGE

101 Read the following statements on how salt is made :

I. Water is allowed to dry in the Sun.

II. The sea water is collected in shallow beds dug in the sand.

III. After the water dries the salt remains on the ground.

Choose the correct order of the statements to explain how salt is made:

(1) II, I, III
(2) I, II, III
(3) II, III, I
(4) I, III, II

102 Why will a person not drown in the Dead Sea even if she does not know how to swim?

(1) Because it has the saltiest water.
(2) Because there is no water.
(3) Because there is no air.
(4) Because it is sandy.

103 Which part of a plant absorbs water and nutrients from the soil?

(1) Flower (2) Leaves
(3) Stem (4) Root

104 ______ is a type of drum which is used as Indian musical instrument.

(1) Harmonium (2) Tanpura
(3) Sitar (4) Tabla

105 ______ was the famous Indian Poet who wrote 'The Gitanjali'.

(1) Rabindranath Tagore
(2) Bankim Chandra Chattopadhyay
(3) Subramania Bharati
(4) Sarojini Naidu

106 મધુબની નામની પ્રાચીન લોકકલા કયા રાજ્યની છે?

(1) બિહાર

(2) પશ્ચિમ બંગાળ

(3) છત્તીસગઢ

(4) જમ્મુ અને કાશ્મીર

106 'Madhubani', a very old form of folk art is from which state in India?

(1) Bihar

(2) West Bengal

(3) Chhattisgarh

(4) Jammu and Kashmir

107 'દુષ્કાળ' કોને કહેવાય?

(1) ધરતી અચાનક ધણધણે તે પછી સમુદ્રમાં ઊઠતાં મોજાંને

(2) પહાડોમાં થતાં ભૂસ્ખલનને

(3) વરસાદના અભાવે પાક બળી જાય એને

(4) અતિવૃષ્ટિ પછી આવતા પૂરને

107 What is a 'drought'?

(1) When the sudden shaking of ground causes a series of waves in the sea.

(2) When there is land sliding occurred on the hills.

(3) When there is no rain and crops may fail.

(4) When heavy rains cause water to overflow.

108 યુનાઈટેડ આરબ એમીરેટ્સ (UAE)ની રાજધાની કઈ છે?

(1) અલ એઈન

(2) દુબઈ

(3) અબુધાબી

(4) શારજાહ

108 What is the capital city of United Arab Emirates (UAE)?

(1) Al Ain

(2) Dubai

(3) Abu Dhabi

(4) Sharjah

109 ફૂલોની ખીણ ક્યાં આવેલી છે?

(1) અરુણાચલ પ્રદેશ

(2) લદાખ

(3) ઉત્તરાખંડ

(4) હિમાચલ પ્રદેશ

109 The "Valley of Flowers" is located in which state of India?

(1) Arunachal Pradesh

(2) Ladakh

(3) Uttarakhand

(4) Himachal Pradesh

110 ચંદ્ર પર પ્રથમવાર ડગ માંડનાર કોણ છે?

(1) જોન યંગ

(2) ડેવિડ સ્કોટ

(3) નીલ આર્મસ્ટ્રોંગ

(4) પીટર કોનરાડ

111 નીચેનામાંથી કયો પદાર્થ પાણીમાં ઉમેરતાં જ ઈંડાં પાણીમાં તરવા લાગે છે?

(1) મીઠું (2) ખાંડ

(3) ચોક પાઉડર (4) તેલ

112 મીઠાના કાયદા વિરુદ્ધ સત્યાગ્રહ કરવા માટે ગાંધીજીએ અમદાવાદથી દાંડી સુધીની દાંડીયાત્રા કયા વર્ષમાં કાઢેલી?

(1) 1930 (2) 1919

(3) 1920 (4) 1929

113 SAARC (સાર્ક)નું આખું નામ જણાવો.

(1) સાઉથ એશિયન એસોસિયેશન ફોર રિજિનલ કોઓપરેશન

(2) સાઉથ અમેરિકન એસોસિએશન ફોર રિજિનલ કોઓપરેશન

(3) સાઉથ અમેરિકન એલાયન્સ ફોર રેશનલ કોઓપરેશન

(4) સાઉથ એશિયન એલાયન્સ ફોર રિજિનલ કંપનીઝ

114 નીચેનું વિધાન વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

વિધાન-I : આપણું પેટ ભોજન પચાવવાની પ્રક્રિયા કરે છે.

વિધાન-II : આપણે ઉદાસ હોઈએ તો ભોજન બરાબર પચતું નથી.

(1) બંને વિધાન ખોટાં છે.

(2) ફક્ત વિધાન I જ સાચું છે.

(3) ફક્ત વિધાન II જ સાચું છે.

(4) બંને વિધાન સાચાં છે.

110 Who was the first man to step on the Moon?

(1) John Young

(2) David Scott

(3) Neil Armstrong

(4) Peter Conrad

111 Adding which of the following to water will make eggs float in the water?

(1) Salt (2) Sugar

(3) Chalk powder (4) Oil

112 In which year did the Dandi March take place, when Gandhiji with several other people went on a long walk from Ahmedabad to the Dandi seashore in Gujarat, to protest against the British Law?

(1) 1930 (2) 1919

(3) 1920 (4) 1929

113 What is the full form of SAARC?

(1) South Asian Association for Regional Cooperation

(2) South American Association for Regional Cooperation

(3) South American Alliance for Rational Cooperation

(4) South Asian Alliance for Regional Companies

114 Read the statements given below and choose the correct option :

Statement-I : Our stomach churns the food to digest it.

Statement-II : The food does not digest properly when we are sad.

(1) Both statements are false.

(2) Only statement I is true.

(3) Only statement II is true.

(4) Both statements are true.



135280

115 કાલબેલિયા તરીકે કોને ઓળખવામાં આવે છે?

(1) સાપને ડોલાવનાર સમુદાયને
(2) જૂની બોટલો અને અખબારો વેચનારને
(3) ખેતી કરનારને
(4) માછીમારને

116 તાજમહેલ બંધાવનાર પ્રખ્યાત રાજા કોણ હતા?

(1) શાહજહાં
(2) હુમાયુ
(3) બાબર
(4) અકબર

117 તાપમાન માપવા માટે કયા સાધનનો ઉપયોગ થાય છે?

(1) ટેલિસ્કોપ
(2) બેરોમીટર
(3) માઈક્રોસ્કોપ
(4) થર્મોમીટર

118 સોલાર સિસ્ટમમાં સૌથી મોટો ગ્રહ ________ છે.

(1) યુરેનસ / વરુણ
(2) જ્યુપીટર / ગુરુ
(3) સેટર્ન / શનિ
(4) અર્થ / પૃથ્વી

119 માનવશરીરનો કયો ભાગ આપણને શ્વસન પ્રક્રિયામાં મદદરૂપ થાય છે?

(1) લિવર
(2) મગજ
(3) ફેફસાં
(4) હૃદય

120 ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ કોણ હતા?

(1) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(2) ઝાકિર હુસૈન
(3) મહાત્મા ગાંધી
(4) વી. વી. ગીરી

115 Who are known as 'Kalbeliyas'?

(1) People who make snake dance.
(2) People who sell old bottles and newspapers.
(3) People who do farming.
(4) People who catch fish from river.

116 The famous Indian King who built the Taj Mahal was ........ :

(1) Shah jahan
(2) Humayun
(3) Babur
(4) Akbar

117 Which instrument is used to measure temperature?

(1) Telescope
(2) Barometer
(3) Microscope
(4) Thermometer

118 ________ is the largest planet in our Solar system.

(1) Uranus
(2) Jupiter
(3) Saturn
(4) Earth

119 Which part of the human body helps us to breathe?

(1) Liver
(2) Brain
(3) Lungs
(4) Heart

120 Who was the first President of India?

(1) Dr. Rajendra Prasad
(2) Dr. Zakir Hussain
(3) Mahatma Gandhi
(4) V.V. Giri

121 ગોલકોંડાનો કિલ્લો ક્યાં આવેલો છે?

(1) પંજીમ

(2) હૈદરાબાદ

(3) જેસલમેર

(4) જોધપુર

122 મચ્છરો દ્વારા મેલેરિયા ફેલાય છે એવી શોધ કોણે કરી?

(1) જ્યોર્જ મેસ્ટ્રાલ

(2) રેનોલ્ડ રોસ

(3) ગ્રેગોર મેન્ડેલ

(4) નીલ આર્મસ્ટ્રોંગ

123 મધમાખી જ્યારે રસયુક્ત ફૂલો જુએ ત્યારે અન્ય માખીઓને તે કેવી રીતે જાણ કરે છે?

(1) એક વિશિષ્ટ ગંધ છોડીને

(2) વિશિષ્ટ નૃત્ય દ્વારા

(3) એક વિશિષ્ટ ચેતવણીસૂચક ધ્વનિ દ્વારા

(4) વિદ્યુત સંકેતો દ્વારા

124 કર્ણમ મલ્લેશ્વરી દેવીએ કઈ રમતમાં અનેક આંતરરાષ્ટ્રીય મેડલ જીત્યા છે?

(1) ખો-ખો

(2) કબડ્ડી

(3) બોક્સિંગ

(4) વેઈટલિફ્ટિંગ

125 એવરેસ્ટની ટોચે પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા કોણ છે?

(1) બચેન્દ્રી પાલ

(2) વહીદા પ્રિઝમ

(3) કલ્પના ચાવલા

(4) સુનીતા વિલિયમ્સ

121 Golconda Fort is located in which city?

(1) Panjim

(2) Hyderabad

(3) Jaisalmer

(4) Jodhpur

122 Who among the following found out that mosquitos spread malaria?

(1) George Mestral

(2) Ronald Ross

(3) Gregor Mendel

(4) Neil Armstrong

123 When one bee finds flowers with nectar, what does it do to let the other bees know where the nectar is?

(1) By letting out a special smell

(2) A special kind of dance

(3) A special warning call

(4) Electric signals

124 Karnam Malleshwari has won many medals in international events for which sport?

(1) Kho-Kho

(2) Kabaddi

(3) Boxing

(4) Weight Lifting

125 Who was the first Indian woman to reach at the peak of Mount Everest?

(1) Bachhendri Pal

(2) Wahida Prism

(3) Kalpana Chawla

(4) Sunita Williams

## રફ કામ માટેની જગ્યા / SPACE FOR ROUGH WORK

213528809

7. At the appointed time, when you are instructed to open the booklet by the Invigilator, open it and check whether it contains **Section "A"** in the language opted by you in your Application Form and indicated on your Admit Card. If not, bring it to the notice of the Invigilator immediately.
પ્રવેશ સમયે, જ્યારે નિરીક્ષક દ્વારા પ્રશ્ન પુસ્તિકા ખોલવાની સૂચના આપવામાં આવે, ત્યારે તેને ખોલીને તપાસી લો કે તમારા અરજીપત્રક અને પ્રવેશપત્રમાં દર્શાવેલ, તમારા દ્વારા પસંદ કરવામાં આવેલ ભાષામાં જ વિભાગ "A" છે. જો ના હોય તો, તરત જ નિરીક્ષકનું ધ્યાન દોરવું.

8. In case of any ambiguity in translation/construction of a question, in the version of the specified language/s, its English version (except for the language section questions) shall be treated as final.
પરીક્ષામાં કોઈ પ્રશ્નના અનુવાદ/પ્રશ્નની રચનામાં વિસંગતતા/અસ્પષ્ટતા હશે તો અંગ્રેજી અનુવાદ (ભાષા વિભાગના પ્રશ્નો સિવાય) માન્ય ગણાશે.

9. The question paper booklet is of **32** pages. Please check and ensure that the Question Paper Booklet is complete and contains all the pages.
પ્રશ્નપત્ર પુસ્તિકા **32** પાનાંની છે. કૃપા કરી જોઈને ખાતરી કરી લો કે પ્રશ્નપત્ર પુસ્તિકા પૂર્ણ છે અને તેમાં બધાં જ પાનાં સમાવિષ્ટ છે.

10. Answer all questions in the OMR Answer Sheet only.
બધા પ્રશ્નોના જવાબ ફક્ત OMR ઉત્તરપત્રમાં જ આપવાના રહેશે.

11. The OMR Answer Sheet is inside this Question Paper Booklet. When you are directed to open the Question Paper Booklet, take out the OMR Answer Sheet and fill in the particulars carefully with Blue/Black ball point pen only.
OMR ઉત્તરપત્ર આ પ્રશ્નપત્ર પુસ્તિકાની અંદર છે. જ્યારે તમને પ્રશ્નપત્ર પુસ્તિકા ખોલવાનો નિર્દેશ આપવામાં આવે, ત્યારે OMR ઉત્તરપત્ર બહાર કાઢો અને તેમાં વાદળી/કાળી બૉલપોઈન્ટ પેનથી આપેલ વિગતોને ધ્યાનપૂર્વક ભરો.

12. Darken only one circle as your answer for each question. If you darken more than one circle for the same question, your answer will be treated as wrong.
દરેક પ્રશ્ન માટે તમારા જવાબ તરીકે ફક્ત એક જ વર્તુળને ડાર્ક (ડાર્ક) કરો. જો તમે એકથી વધુ વર્તુળને ડાર્ક કરશો, તો તમારો ઉત્તર ખોટો ગણાશે.

13. There is no negative marking for a wrong answer.
ખોટા ઉત્તર માટે ઋણાત્મક ગુણાંક (નેગેટિવ માર્કિંગ) નથી.

14. Do not make unnecessary marks on the OMR answer sheet or fold or attempt to deface it. If you do so, your answer sheet will not be evaluated.
OMR ઉત્તરપત્રમાં બિનજરૂરી નિશાનીઓ કરવી નહીં કે તેને વાળવી નહીં કે કાપકૂપ કરશો નહીં. જો તમે એવું કરશો, તો તમારા ઉત્તરપત્રનું મૂલ્યાંકન કરાશે નહીં.

15. Use Blue/Black ball point pen only for writing particulars on this page and for writing answers. Do not use pencil.
આ પાના પર આપેલી વિગતો અને ઉત્તરો લખવા માટે ફક્ત વાદળી/કાળી બૉલપોઈન્ટ પેનનો ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ કરવો નહીં.

16. Rough work is to be done in the space provided for this purpose in the Question Paper Booklet only and not on the OMR sheet.
પ્રશ્નપત્રમાં રફકાર્ય હેતુ આપેલ જગ્યાએ જ રફકાર્ય કરવું અને OMR ઉત્તરપત્ર પર કરવું નહીં.

17. On completion of the test, hand over the OMR Answer Sheet to the Invigilator before leaving the Room/Hall.
પરીક્ષા પૂર્ણ થયે પરીક્ષારૂમ/હૉલ છોડતા પહેલાં OMR ઉત્તરપત્ર નિરીક્ષકને સોંપી દેવી.

18. You are allowed to take away this Question Paper Booklet with you.
તમે તમારી સાથે આ પ્રશ્નપત્ર પુસ્તિકા લઈ જઈ શકશો.

19. The CODE for this Booklet is D. Make sure that the CODE printed on the OMR Answer Sheet is the same as that on this Question Paper Booklet. In case of discrepancy, report the matter immediately to the Invigilator for replacement of both the Question Paper Booklet and the Answer Sheet.
આ પુસ્તિકાનો કોડ D છે. તમે ખાતરી કરી લો કે OMR ઉત્તરપત્રના આપેલ કોડ, અને આ પ્રશ્નપત્ર પુસ્તિકાનો કોડ સમાન જ છે. તેમાં ભૂલચૂક (વિસંગતતા) જણાય તો તરત જ નિરીક્ષકને જાણ કરીને પ્રશ્નપત્ર પુસ્તિકા અને ઉત્તરપત્ર બદલાવી દો.

20. Do not write your Roll No. anywhere else except in the specified space in the Question Paper Booklet / OMR Answer Sheet.
પ્રશ્નપત્ર પુસ્તિકા / OMR ઉત્તરપત્રમાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજી કોઈ પણ જગ્યાએ તમારો અનુક્રમ નંબર (રોલ નંબર) લખવો નહીં.

21. Do not use white fluid for carrying out any correction on the OMR Answer Sheet.
OMR ઉત્તરપત્રમાં કોઈ સુધારા-વધારા માટે સફેદ દ્રવ્યનો ઉપયોગ કરવો નહીં.